તીવ્ર વિકલાંગતા ધરાવતી અનુસૂચિત જાતિની વ્યક્તિઓને નાણાંકીય સહાયની યોજના હેઠળ સહાયનો દર વધારવા બાબત.

---

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: [illegible] ૨૦૦૬/ન.બા.૮/(૨)/છ.૧,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:- 12 0 OCT 2006

<u>વંચાણે લીધા :-</u>

૧. નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાનો તા.૧૨-૧-૦૬નો પત્ર ક્રમાંક:-યજન-નવી બાબત-૦૬-૦૭-૧૨,

૨. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૨-૯-૨૦૦૦નો ઠરાવ ક્રમાંક:-અપગ-૧૦૨૦૦૦-ન.બા.૪-છ.

<u>ઠ રા વ :-</u>

ગુજરાત રાજ્યમાં વિકલાંગ વ્યક્તિઓને સમાજમાં પુન:વસવાટ અને સ્વમાનભેર સ્વતંત્ર જીવન જીવવા માટે સમાન તકઆનવ અધિકારોનુ રક્ષણ અને પુર્ણ ભાગીદારી પ્રાપ્ત કરાવવા માટે વિકલાંગ ધારો અમલમાં છે.

આ ધારામાં રાજ્ય સરકાર ધ્વારા વિકલાંગો માટે સુનિશ્ચિત કરેલ કાર્યો પૈકી એક મુખ્ય કાર્ય વિકલાંગોને આર્થિક સહાય કરવાનું છે. આ બાબતને ધ્યાને લઇ વિકલાંગોના કલ્યાણ ક્ષેત્રે તિવ્ર અશક્ત વ્યક્તિઓ માટે નાણાકીય સહાયની સંત સુરદાસ યોજના અમલમાં છે.

આ યોજના હેઠળ ૭૫ ટકા કે તેથી વધુ વિકલાંગતા ધરાવતી અનુસૂચિત જાતિની વ્યક્તિ જો ૦ થી ૧૮ વર્ષની વય ધરાવતી અનુસૂચિત જાતિની વ્યક્તિને માસિક રુ.૧૦૦/- તથા ૧૮ થી ૪૫ વર્ષની વય ધરાવતી વ્યક્તિને માસિક રુ.૨૦૦/-ના ધોરણે સહાય ચુકવવામાં આવે છે.

વર્તમાન સમયમાં વિકલાંગોના નિભાવની જરૂરીયાતો જોતાં વર્ષ ૨૦૦૬-૦૭માં નવી બાબતનો સમાવેશ કરવામાં આવેલ છે અને ખાસ અંગભૂત યોજના હેઠળ અનુ.જાતિની તીવ્ર વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના લાભાર્થીઓ માટે રુ.૪૫.૦૦ લાખની જોગવાઇ અંદાજપત્રમાં કરવામાં આવેલ છે. જેની વહીવટી મંજુરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણાં હેઠળ હતી, પુખ્ત વિચારણાને અંતે નીચેની શરતે ઉક્ત નવી બાબતને વહીવટી મંજુરી આપવામાં આવે છે.

આવક
૨૭૩
૨૫-૧૦-૦૬

(8)

૧. ૭૫ ટકા કે તેથી વધુ વિકલાંગતા ધરાવતી અને ૧૮ વર્ષથી નીચેની વય જુથની અનુ.જાતિની વ્યકિતઓને હાલના માસિક રૂ.૧૦૦/-ને બદલે માસિક રૂ.૨૦૦/- (અંકે રૂપિયા બસો પુરા)ની સહાય ચુકવવામાં આવશે.

૨. આ યોજના તળે ૧૮ થી ૪૫ વર્ષની વય જુથના અને ૭૫ ટકા કે તેથી ~~___~~ વધુ વિકલાંગતા ધરાવતી અનુ.જાતિની વ્યકિતઓને માસિક રૂ.૨૦૦/-ને બદલે માસિક રૂ.૪૦૦/- (અંકે રૂપિયા ચારસો પુરા)ની સહાય ચુકવવામાં આવશે.

૩. આ યોજનાના ઠરાવની મુળ શરતો યથાવત રહેશે.

૪. આ યોજનામાં આ વધારાનો અમલ તા.૧-૧૧-૨૦૦૬ થી કરવાનો રહેશે.

૫. ચાલુ વર્ષની જોગવાઇમાંથી બચત રહેતી રકમ નિયત સમયમર્યાદામાં પરત કરી આ વિભાગને જાણ કરવાની રહેશે.

આ અંગેનું ખર્ચ ચાલુ નાણાંકીય વર્ષના અંદાજપત્ર સદર માંગણી ક્રમાંક-૯૫-૨૨૩૫-સામાજિક સુરક્ષા અને કલ્યાણ, ૦૨ સમાજ કલ્યાણ, ૧૦૧, વિકલાંગોનું કલ્યાણ (૦૩) એસસીડબલ્યુ-૧૩ અશકત વ્યકિતઓને સહાય માટેની યોજના પ્લાન હેઠળ ઉધારવાનું રહેશે અને તે હેઠળ મંજુર થયેલ જોગવાઇમાંથી મેળવવાનું રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૧૮-૧૦-૦૬ની નોંધથી મળેલ અનુમતી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(signature)

( પી.જે.પરમાર )
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
માન.મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતાના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
એકાઉન્ટ જનરલ અમદાવાદ/રાજકોટ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
અગ્રસચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
કમિશ્નરશ્રી, વિકલાંગ વ્યકિતઓ માટેના કમિશ્નરશ્રીની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
નાણાં સલાહકારશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ.
સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ,
વિભાગની છ, અને બજેટ શાખાઓ. ના.સે.અ. સિલેકટ ફાઇલ. ૧૩/૨૭૧/

ક્રમાંક/સસખ/૦૬-૦૭/૪૦૨
તારીખ: ૨૦/૧૦/૦૬

નકલ રવાના: જીલ્લા કચેરીની હિસાબી શાખા/આયોજન શાખા તરફ જાણ તેમજ યોગ્ય કાર્યવાહી અર્થે.

Nayana Pandya
યોજના અધિકારી
સમાજ સુરક્ષા ખાતુ

૯૦